


## સલામી સવારની..

*પ્હેલાં જાતે જ આંકડાની ભૂતાવળ ભેગી કરી !*
*પછી ટેસ્ટ-રીકવરીની ઉતાવળ ભેગી કરી !*
*ભેગી કરી એજન્સીઓ અનેક, સંકલન વિના -*
*કોરોના કાંઠલો કાઢવા, ગૂંચવણો ઊભી કરી !*

હાઈકુ

*પડ્યો છે માથે,*
*અણગમતો ગેસ્ટ -*
*છે, ગ્યો નથી !*
*(સાવચેત રહેજો!)*

*છૂપાઈ ગ્યો'તો -*
*સરકારી રફતે -*
*નાગે કાઢ્યું મોં !*
*(હવે પોઝીટીવ આવે છે ક્યાંથી)*

## ચિંતન

### ક્વિદન્તીં ચ વિદ્યુ: ।

**ઉપરોક્ત સૂત્ર ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**ગુપ્તચરો એ પ્રજામાં ચાલતી કિવદંતી (લોકવાયકાઓ) પણ જાણવી જોઈએ.**

**લોકો રાજા માટે કેવી કેવી ગ્રંથીઓથી પીડાય છે. રાજ્યમાં લોકજીભે કેવી વાતોની ચર્ચા થાય છે. વગેરે બધી જ માહિતી ગુપ્તચરે રાજાને પહોંચાડવી જોઈએ. ઘણી વાર ગંભીરતાથી ન લેવાયેલી વાતોનું ભવિષ્યમાં ગંભીર પરિણામ આવી શકે છે.**

**આથી ગુપ્તચરો એ તથ્ય - સત્યમાં પડ્યા વગર જ લોકમુખે વહેતી બધી જ વાતો સાંભળવી જોઈએ અને તેમાંથી પોતાની બુદ્ધિ પ્રમાણે રાજા માટે કામની હોય એવી વાતો પારખીને રાજા સુધી પહોંચાડવી જોઈએ.**

**ગુપ્તચર ખૂબ જ ચાલક, દીર્ઘદૃષ્ટા, સ્ફુર્તિલો, અને કાબેલ હોવો જોઈએ. વળી તે સંવેદનશીલ, પ્રામાણિક અને નિર્ભય હોવો જોઈએ.**

## સુવિચાર

- છેડો તારો ઝીલું ત્યાં તો ભીતર ઝાલર બાજે, ઈચ્છાઓના પર્વત સઘળા ઓળગવામાં લાગે - **શબનમ ખોજા**
- માં ભણેલી હોય કે અભણ... પણ જયારે તમે જિંદગીથી હારી જાવ ત્યારે એ જ શિખવાડે કે આગળ કેમ વધવું - **જીવન પાથેય**
- ભરોસો બધાનો કરવો પણ સાવચેતી રાખવી, કયારેક પોતાના દાં.ત. પણ જીભ કાપી નાખે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ચહેરાની ચમક અને મકાનની ઊંચાઈ પર ન જાવ... ઘરનાં વડીલો જો હસતા હસતાં મળે તો સમજી લેવું કે આ ઘર અમીરોનું છે - **બોધિવૃક્ષ**
- બધી જ જગ્યાએ નારદમુનિના પહોંચી શકે એટલે ભગવાને સગા-સંબંધીઓને બનાવ્યા છે - **ગુણવંત અધર્યુ**
- સફળતાના કપડા તૈયાર નથી મળતા, એને સીવવા માટે મહેનતનો દોરો જોઈએ - **ભૂષણ દામાણી**
- આજનું ઔષધ : તલનું તેલ મોટો ચમચો દસગ્રામ ગોળ સાથે ખાવાથી, શિયાળામાં શરીરમાં ગરમી વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

એક ફકીરે ઊંચા ડુંગરના શિખર પર જઈ ઉગ્ર તપ કર્યું. ખુદાને તેની દયા આવી. એટલે તેની નજીક પાણીનો કુંડ અને મોટા રસીલા દાડમની સ્થઆપના કરી કે જેથી ફકીર દાડમ ખાઈ શકે અને પાણીની ચિંતા ન કરવી પડે. ફકીરને અહંકાર આવ્યો કે ખુદા શું આપનારા હતા !! આ તો મારી તપશ્ચર્યાની તાકાત છે.

ગર્વથી છકેલા ફકીરને ઠીક કરવા ખુદાએ શેતાનને મોકલ્યો. ફકીરને પત્થર પર બેઠો હતો. તે ભારે વજન વાળો પથ્થર ફકીરના માથા પર મૂક્યો તે પથ્થરના દબાણથી ફકીર બૂમો પાડવા લાગ્યો અને ખૂબ પસ્તાવો કરવા લાગ્યો. ત્યારે આકાશવાણી થઈ કે, જેટલી મુદત તુ પથ્થર પર બેઠો, તેટલી મુદત પથ્થરને તારા પર બેસવાનો હક્ક થયો છે, વળી તેં કુંડનો અને દાડમનો લાભ લીધો તેનો બદલો તારે આપવાનો છે, તે આપ્યા બાદ તારી તપશ્ચર્યાનું જે ફળ બાકી રહેશે તે તને મળશે. તપસ્વીએ ખૂબ પસ્તાવો કરી માફી માગી. એટલે ખુદાએ મહેરબાની કરી એને મૂળ સ્થિતિમાં મૂક્યો. ફકીરને ખાતરી થઈ કે જે આપે છે તે ખુદા જ આપે છે.

# ખરીદવું અને ખરીદાવું સહજ બન્યું છે

**તંત્રીસ્થાનેથી...**

કોરોનાની સામે ઝઝૂમતા સત્તાધીશો ઓગણીસમી તારીખ સુખી રાજકીય કાવાદાવામાં વ્યસ્ત થઈ ગયા છે. ભારતીય જનતા પાર્ટી માટે કોરોના કરતાં રાજયસભાની ચૂંટણીમાં પોતાના ત્રણે ઉમેદવારો વધારે મહત્ત્વના છે. સંખ્યાબળની રૂએ ખાલી થયેલ ત્રણે બેઠકો કે જે ભાજપના કબજામાં હતી તે જાળવાનું શક્ય નહોતું પરંતુ સંકલ્પબળ દ્વારા અશક્ય લાગતી બાબતો પણ શક્ય બની જતી હોય છે. પાર્ટી પાસે નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા દૃઢ સંકલ્પબળ ધરાવતા નેતાઓ છે. એમની ઊર્જા એટલી પ્રબળ છે અને ચુંબકીય આકર્ષણ એવું બળૂકું છે કે રાજય સ્તરે સામાન્ય ઈશારો કરતાં જ વિપક્ષી ધારાસભ્યો પાણી પાણી થઈ જાય છે. રાષ્ટ્રીય સ્તરે તદ્દન ફિક્કું અને પ્રભાવહીન ગાંધી પરિવારનું નેતૃત્વ હવે રાજયસ્તરે તદ્દન બિનઅસરકારક બની ચૂક્યું છે. કોંગ્રેસને ગત વિધાનસભાની ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલાને વખત પૂરતા મનાવી લીધા હોય તો કદાચ ગુજરાતમાં કોંગ્રેસ સત્તાસ્થાને આરૂઢ થઈ ગઈ હોત. પરંતુ દિલ્હીમાં દાયકાઓથી ગાંધીનહેરુ પરિવાર સાથે ઘરોબો કેળવીને વારંવાર રાજયસભાની લહાણી મેળવતા રહેતા અહમદ પટેલને ગુજરાતમાં કોંગ્રેસના કોઈ પ્રભાવશાળી નેતા કયારેય પસંદ નથી આવ્યા. માધવસિંહ, અમરસિંહ ચૌધરી, ચીમનભાઈ પટેલ કે શંકરસિંહ વાઘેલાને એમને હાઈકમાન્ડ સાથેના મીઠા સંબંધો વાપરીને કદ મુજબ વેતરી નાખી પોતાની એકચક્રી પ્રતિભા અકબંધ રાખી છે. એમની વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની દોસ્તી પણ જાણીતી છે. અગાઉની રાજયસભાની ચૂંટણી તેઓ મોદીની રહેમનજર વગર જીતી ન શક્યા હોત તે બાબત હવે કોઈથી અજાણી નથી. કોંગ્રેસમાંથી બળવો કરીને 'બાપુ' ના હુલામણા નામે ઓળખાતા લોકનેતા ઊંધે માથે પટકાયા અને અહમદ પટેલને એમની હેસિયત બતાવી દેવાની એમની મંશા મનની મનમાં જ રહી ગઈ હતી. વેવાઈ ઉદ્યોગપતિ અને રાજકારણમાં છબછબિયાં કરતા ધારાસભ્ય પુત્રની કારકિર્દી પણ પૂરી કરીને શરદ પવારના પડખે ચડેલા શંકરસિંહ હજી ધોળા દિવસે ધ્રુવ તારો જોઈ શકે છે ! રાજયસભામાં જવા માટે મોદી-શાહને એક મૅસેજ કર્યો હોત તો અત્યારના ત્રણ પૈકી એકાદને આઘોપાછો કરી બાપુની વ્યવસ્થા થઈ ગઈ હોત. એમ તો ભાંગ્યું ભાગ્યું તો ભરૂચ છે અને ગુજરાતમાં ભાજપની એ પાયાની ઈંટ છે, એની તો આખા દેશને ખબર છે. નરહરિ અમીન કયારેક ચીમનભાઈ પટેલના જમણા હાથ હતા. મતભેદો થયા પછી પણ એમનું રાજકીય વજૂદ જળવાયું હતું અને કોંગ્રેસમાં વર્ષોથી જેની ખોટ અનુભવાતી રહી તે પાટીદાર સમાજના મજબૂત પ્રતિનિધિ ગણાતા હતા. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી રહી ચૂકેલા અમીનને કોંગ્રેસ નજીકના ભવિષ્યમાં કાઠું કાઢી શકે એમ નથી એની પ્રતીતિ થઈ એટલે નાછૂટકે કંટાળીને એમણે પણ મોદી-શાહનું શરણું સ્વીકારી લેવામાં જ શાણપણ જોયું. એનું ફળ તે ત્રીજા ઉમેદવાર તરીકેની આ વખતની જોખમી સીટ છે. જો કે અત્યારે જે પ્રકારની આયારામ - ગયારામ વાળી શરૂ થઈ ગઈ છે તે જોતાં નરહરિભાઈ ઈજ્જત સચવાઈ જાય એમ લાગે છે. કોંગ્રેસના ધારાસભ્યો જાણે મદારીનાં માંકડાં હોય એમ કોઈ અગોચર ઈશારે ફટાફટ રાજીનામાં ધરી દેવા તૈયાર થઈ જાય છે. પ્રજાને પણ હવે એમ લાગશે કે આવી પાર્ટીને વોટ આપીને વોટ બગાડવા કરતાં તો જે શક્તિશાળી છે એના પલ્લામાં બેસવામાં જ ડહાપણ લેખાશે. કોંગ્રેસની આબરૂ તળિયે બેસી ગઈ છે અને ભાજપને એવી લોકલાજ નડતી નથી. તેઓ બિન્ધાસ કોંગ્રેસની કાંકરીઓ ખેરવી અને ખોરવી શકે છે એનું એમને ગૌરવ લાગે છે. જયારે કેન્દ્રીય નેતૃત્વમાં દમ ન હોય ત્યારે આમ જ બને. પ્રજાને છેતરી રહ્યા છે. પરંતુ રાજકારણ હવે તો છેતરપીંડીનું જ પર્યાયવાચક નામ બની રહ્યું હોય ત્યાં કોણ કોને રોકે કે ટોકે ? ખરીદવું, ખરીદાવું, વેચવું અને વેચાવું એ આપણા રાજકારણીઓનો જન્મસિદ્ધ અધિકાર છે!

# સૂર્ય કિરણો કે બિના ખુશ્બુ હવા કે બિના રાજા પ્રધાન કે બિના અધૂરા હૈ




**સૂર્ય કિરણો કે બિના ખુશ્બુ હવા કે બિના રાજા પ્રધાન કે બિના અધૂરા હૈ**
**- બાજીરાવ મસ્તાની**

ઈ.સ. ૨૦૧૫ માં આવેલી રણવીર સિંહ અને દીપિકા પાદુકોણે અભિનીત આ ફિલ્મને તે વર્ષની બ્લોકબસ્ટર ફિલ્મ માનવામાં આવી હતી. સંજય લીલા ભણસાલી દિગ્દર્શિત આ ફિલ્મ નાગનાથ ઈનામદાર દ્વારા લિખિત નવલકથા પર આધારિત હતી.. ફિલ્મની પટકથા પ્રકાશ કાપડિયાએ લખી હતી.

ફિલ્મ અને બેસ્ટ એક્ટરનો ફિલ્મફેર એવોર્ડ પણ આ ફિલ્મને મળ્યો હતો. ઉપરોક્ત સંવાદ ફિલ્મમાં મહેશ માંજરેકરના મુખે બોલાવવામાં આવ્યો છે. રાજા ગમે તેટલો બળશાળી કેમ ન હોય તેને એક બાહોશ પ્રધાન(મંત્રી )વગર અધૂરો જ હોય છે આવા જ અર્થ સામ્યવાળો એક શ્લોક શુક્રનીતિ માં મળી આવે છે.

**સર્વવિદ્યાસુ કુશલો નૃપઃ હ્યપિ સુમન્ત્રિવત્ ।**
**મન્ત્રિભિસ્તુ વિના મન્ત્રં નૈકોજીર્થઃ ચિન્તયેત્ ક્વચિત્ ॥**

રાજા પોતે ભલે સર્વ વિદ્યામાં કુશળ હોય તેમ છતાં તેણે સારા મંત્રીની સલાહ હંમેશા લેવી.

લાગે છે કે જાણે મહેશ માંજરેકર શુક્રનીતિ વાંચીને જ ફિલ્મનું શૂટિંગ કરવા ગયા હશે.

શુક્રનીતિ એક પ્રસિદ્ધ નીતિ ગ્રંથ છે. આની રચના કરવાવાળા શુક્ર એ મહાભારતકાળના શુક્રાચાર્ય હોવાનો મત મળી આવે છે. શુક્રનીતિમાં ૨૦૦૦ જેટલા શ્લોક છે. ગ્રંથની વિષયવસ્તુ અને શૈલીને કારણે આ ગ્રંથ કૌટિલ્યના અર્થશાસ્ત્ર પછી રચાયો હોય તેવું મનાય છે. વિદ્વાનોમાં મતભેદ હોવા છતાં બધા એકસૂરે એવું તો માને જ છે કે આ વૈદિક કાલીન સાહિત્ય નથી.


કાશી પ્રસાદ જયસ્વાલના મત અનુસાર આ ગ્રંથ ૮મી શતાબ્દીની રચના છે.

મનુ મૂલતઃ ધર્મશાસ્ત્ર, કૌટિલ્ય અર્થશાસ્ત્ર, અને શુક્ર રાજ્યશાસ્ત્ર વિષય પર પ્રકાશ પાડે છે.

શ્રી અલ્ટેકરના મતે રાજનીતિનો આ ગ્રંથ અને તેની ઉપયોગિતા સાંપ્રત સમયમાં પણ એટલી જ ઉપયોગી છે જેટલી તે સમયે હતી.

-jayuoza@gmail.com, Mo.9898046488

# માઈક્રોફિક્શન સ્ટોરીની ઓનલાઈન સ્પર્ધા યોજાઈ





● 'વૃત્ત સંચય'

'કોરોના કહેર' અને કલમ-૧૪૪ અંતર્ગત લોકો ભેગા થાય નહીં અને માતૃભાષા સાહિત્યનું ખેડાણ થતું રહે તે માટે, ગુજરાત સાહિત્ય સંગમના ઉપક્રમે 'અનુકૂલનનો અવસર' કાર્યક્રમ હેઠળ,કોરોના વાયરસના હાહાકાર વચ્ચે, પર્યાવરણ પ્રકૃતિમાં આવેલ પરિવર્તનની માનવ સમાજજીવન અને સંબંધોપર થયેલ અસરોને આલેખતી, 'માઈક્રોફિક્શન સ્ટોરી'ની એક 'ઓનલાઈન સ્પર્ધા'ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગરના અધ્યક્ષ- નટવર હેડાઉ, મહાસચિવ-લલિત કિશોર અગ્રવાલ અને સચિવ- કિરણ હેડાઉના વડપણ હેઠળ યોજાઈ ગઈ. આ 'ઓનલાઈન સ્પર્ધા'માં કુલ-૧૯૯ સ્પર્ધકોએ ભાગ લીધો હતો; જે અન્વયે તા.૫ મી જૂન,૨૦૨૦ના રોજ પર્યાવરણદિને ત્રણવિજેતાઓ (૧) રોહિત શાહ, અમદાવાદ (માસ્ક અને મહોરૂં); (૨)અમીત પટેલ,વાવોલ (આદેશ); અને (૩)મનોજ જોશી, ભાવનગર (મૂર્ખાઈ) જાહેર કરવામાં આવ્યા હતા.આવિજેતાઓને એવોર્ડ તથા અનુક્રમે રોકડ રકમ રૂ.૧૫૦૦, રૂ.૧૦૦૦ અને રૂ.૫૦૦ તથા સન્માનપત્ર અને સ્પર્ધામાં ભાગ લેનાર સર્વેને સન્માનપત્ર એનાયત કરવામાં આવશે.

●ભારતીય દલિત સાહિત્ય અકાદમી મંચના, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જયવંતસિંહ જાડેજા અને કાર્યક્રમના સંચાલક શ્રી ઈશ્વરભાઈ સી. ડાભીદ્વારા, દલિત સાહિત્યનાં છૂપાં રત્નો સમાન કવિમિત્રોને બહાર લાવીને ઉજાગર કરવાના આશયથી,ઉદઘાટક શ્રીદેવેન વર્મા,તંત્રી-આપણું ગુજરાત ચેનલ તથા અન્ય મહાનુભાવો,સર્જકોની ઉપસ્થિતિમાં તા.૩૧-૫-૨૦૨૦ના રોજ એક 'ઓનલાઈન શીઘ્ર કવિતા સ્પર્ધા'નો કાર્યક્રમ યોજાઈ ગયો; જેમાં લગભગ ૭૩ કવિઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૧ થી ૧૧ સુધીમાં નંબર પ્રાપ્ત કરનારને તથા મહેમાનો અને નિર્ણાયકોને અકાદમીના ઓથોરાઈઝ્ડ સર્ટિફિકેટથી સન્માનવામાં આવશે.

- muljibhaidadhi@gmail.com, (M)9824236893

# સંત સાહિત્યનું મેરુ શિખર : કબીરદાસ




હિંદુ કહૂઁ તો મૈં નહિ,
મુસલમાન ભી નાહિ,
પાંચ તત્વકા પૂતલા,
ગેબી ખેલૈ માહિ.

માનવધર્મના એવરેસ્ટ શિખરની કલ્પના કરીએ ત્યારે તરતજ કબીર સાહેબનું મનોમન દર્શન થાય છે. કબીર એ આપણી ગંગા – જમના સંસ્કૃતિનું ઉજવળ પ્રતિક છે. સંતો તથા ભક્ત કવિઓની યાદી કબીર સાહેબને યાદ કરીએ ત્યારેજ પૂરી થાય છે. કબીર સાહેબ આપણી સામુહીક સંપદા છે. જાતપાતના અનિષ્ટને મૂળમાંથીજ વાઢી નાખનાર કબીર તેમના સમયથી ઘણાં આગળ વિચારનારા તથા ડગ માંડનારા હતા.

જાત નહિ જગદીશ કી,
હરિજન કી કહાઁ હોય!
જાત પાત કે કીચ મેં,
ડૂબ મરો મત કોય.

પરંપરાથી એવી માન્યતા છે કે સ્વામી રામાનંદ કબીરના ગુરુ હતા. સ્વામી રામાનંદ એક પ્રખર જ્ઞાની તરીકે સૌ માટે આદરણિય હતા. આમછતાં સ્વામી રામાનંદના કેટલાક વિચારો સાથે કબીર સંમત ન હતા. એક પ્રસંગ નોંધાયો છે. એક વાર રામાનંદ પોતાના ઈષ્ટની પૂજા કરતા હતા. મૂર્તિની પૂજા દરમિયાન તેમણે પ્રભુને શણગારવા માટે મૂર્તિના શિર ઉપર મુગટ પહેરાવ્યો. મુગટ પહેરાવ્યા પછી મૂર્તિને હાર પહેરાવવા સ્વામીએ પ્રયાસ કર્યો. પરંતુ હાર નાનો હતો તેથી મૂર્તિના ગળામાં જતાં મુગટમાંજ અટવાઈ ગયો. આગળ વધ્યો નહિ. રામાનંદે થોડી મૂંઝવણ અનુભવી. સ્વામી રામાનંદની પૂજાની ઓરડીની બહાર કબીર બેઠા હતા. તેઓ ગુરુ સ્વામી રામાનંદને કહ્યું : " ગુરુદેવ ! ગાંઠ છોડીને માળા પહેરાવો " ગુરુએ ભૌતિક રીતે તો હારની ગાંઠ છોડી પરંતુ આ પ્રતાપી શિષ્યની જીવનમાંથી જડ માન્યતાઓ રૂપી ગાંઠોને છોડીનેજ પરમની પ્રાપ્તિના માર્ગે ડગલાં ભરી શકાશે તેવી વાત પણ સ્વામી રામાનંદને સ્પષ્ટ થઈ. ગુરુને શિષ્યની અસાધારણતાનું અનાયાસજ દર્શન થયું. પોતાના સમગ્ર અસ્તિત્વને પરમ તત્વમાં ઓગાળી દેવાની કબીરની શકિત અને દ્રષ્ટિ અનોખી છે.

ના કછુ કિયા ન કરિ સકા,
ના કરને જોગ સરીર,
જો કછુ કીયા સાહિબ કિયા,
તા તેં ભયા કબીર.

કબીરનો નિશ્ચિત જીવનક્રમ કે તેની અધિકૃત માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે તેઓ એક મહાન સંત હોવા ઉપરાંત સ્પષ્ટ વક્તા અને નીડર કથન કરનારા હતા. સ્થાપિત વ્યવસ્થાઓમાં જ્યાં નબળાઈ જણાય તેને પડકારનારા હતા. એમના જીવનનો ઘણો ખરો સમય કાશીમાંજ વિત્યો હતો. જ્યારે અંતકાળ નજીક જણાયો ત્યારે તેઓ કાશી છોડી મગહર ગયા હતા તેમ કહેવાય છે. મહદ્ અંશે એમ માનવામાં આવે છે કે એમનો જન્મ ઈ.સ. ૧૩૯૮માં થયો હતો. પૂરી પંદરમી સદીમાં તેઓ હયાત હતા. તેમણે સુદીર્ઘ આયુષ્ય ભોગવ્યું હતું. આ સમય ભારત દેશમાં અનેક પ્રકારની ઉથલપાથલનો હતો. ઈસ્લામ જેવા સંપ્રદાયનું દ્રઢીકરણ મોગલ શાસકો સાથે થયું હતું. દેશમાં પ્રવર્તમાન ન્યાત જાત આધારીત પ્રથાને પડકાર કરનારા સંતો થયા હતા. બાહ્ય આચરણનેજ મહત્વનું માનનારા વર્ગને કબીરે પડકાર્યા હતા.

પાહન પૂજે હરિ મિલૈ
તો મૈં પૂજુ પહાર,
તા તેં યે ચક્કી ભલી
પીસ ખાયે સંસાર.

કબીર સાહેબની આ વાણીનો પ્રતિઘોષ આપણા અખામાં જોવા મળે છે. બાહ્ય આચારોના પ્રભુત્વને પડકારતા અખો કહે છે :

એક મૂરખને એવી ટેવ,
પથ્થર એટલાં પૂજે દેવ.
તુલસી દેખી તોડે પાન
પાણી દેખી કરે સ્નાન.
એ અખા વડો ઉતપાત
ઘણાં પરમેશ્વર એ કમાંની વાત !

અખાની વાણીમાં દ્વૈત અને અદ્વૈતની વાત સહજ રીતે સમાઈ જાય છે તે અહોભાવ ઉપજાવે તેવું છે. શાસ્ત્રોની જે અમૂલ્ય વાતો છે તે કબીર – તુલસી કે નરસિંહની વાણીમાં સરળ રીતે પ્રગટ થઈ છે. જે લોકો શાસ્ત્રોની વાતો સ્પષ્ટ રીતે સમજાય નહિ તેવી ભાષામાં કહે છે તેવા કહેવાતા પંડિતોની ભાષા સામે કબીરની વાણી કુદરતી ઝરણાંની જેમ વહેતી રહી છે. આથી સંતોની કે ભક્તોની વાણીનું મૂલ્ય કોઈ કાળે ઓછું થયું નથી. ભક્તોની આ વાણી અનુભવ કે સ્વપ્રતિતિમાંથી પ્રગટ થઈ છે. આથી આ વાણી વાસ્તવિક પરિસ્થિતિથી વિશેષ નિકટછે. કબીર કહે છે કે પંડિતો જે વાત કરે છે તે પોથીમાંથી પ્રગટ થયેલી વાત છે. જ્યારે કબીર – અખા જેવા ભક્તો જે નજર સામે સ્પષ્ટ હોય અને જેની અનુભૂતિ થઈ શકતી હોય તેવી વાત કહે છે.

કબીર સાહેબની વાણીમાં અનેક ભાષાઓના શબ્દોનો ઉપયોગ થયો છે. વ્રજ, ભોજપુરી, અવધિ તથા ફારસી – અરબીના પણ શબ્દપ્રયોગ કબીરની વાણીમાં થયા છે તેમ જાણકારોનું અવલોકન છે. કબીરે તેમના સુદીર્ઘ જીવન દરમિયાન અનેક મુસાફરીઓ પણ કરી હતી તેવું અવલોકન થયું છે. વિદ્વાનોના મત મુજબ કબીર સાહેબ એકથી વધારે વખત ગુજરાત આવ્યા હતા.

આપણાં સંત સાહિત્યમાં કબીર સાહેબ મેરુ શિખર સમાન છે. આપણાં સામાજીક સમભાવને પ્રેરક તેવી કબીરવાણી છે. વિશ્વના સંત કવિઓનો કોઈ મેળાવડો થાય તો આપણી સંસ્કૃતિ કે પરંપરાના સુયોગ્ય પ્રતિનિધિ કબીર જ ગણાય. જીવનમાં પ્રેમ – વાત્સલ્ય અને કરુણાને કબીર સાહેબ સૌથી મહત્વનું ગણે છે.

# હાથે હજામત તો ગાંધીએ પણ કરી હતી




## લોકડાઉનના દિવસોમાં ગાંધી કર્મે ચાલવાની અજાણતાં સમજ આપી

તાજેતરમાં કોરોના દિવસો અને એમાં પણ લોકડાઉનના દિવસોમાં આપણે સૌ ઘરમાં જ રહ્યા. ઘરમાં રહેવાના કારણે રોજેરોજના કુટુંબ જીવનના જે કામોમાં પણ અનેક રીતે બદલાવ આવ્યો. સોશિયલ મિડિયામાં કચરા-પોતાથી માંડીને વાસણ માંજવા, કપડાં ધોવા વગેરે અનેક રોજિંદા કાર્યોના હસી મજાકના વીડિયો, મેસેજિસ અને 'ટીકટોક' સુધી આપણે જોયા, જાણ્યા અને સાંભળ્યા છે. બે મહિનાથી વધુ ઘરમાં રહેવાના પરિણામે અને ધંધા-રોજગાર બંધ રહેવાના કારણે પુરુષોને સૌથી વધુ એક પ્રશ્ન આવ્યો. આવી પડેલી સ્થિતિમાં પુરુષોને વધેલા વાળ કપાવવા બાબતે પ્રશ્ન ઉદ્ભવ્યો. પણ મનુષ્ય જેમ કોઈ પરિસ્થિતિ આવે તેને ઉકેલવાની મથામણ કરતા હોઈએ છીએ. અને જે સરળ વિકલ્પ હોય તે સ્વીકૃત થાય છે. વધારે પ્રમાણમાં એને આપણે સાવ સહજતાથી, સ્વીકારી લઈએ છીએ. 'ઘરમાં જ રહો અને સલામત રહો' એ સ્થિતિમાં ઘરના પુરુષો સભ્યોએ આવો જ સરળ વિકલ્પ સ્વિકાર્યો. વધેલા વાળની સમસ્યાથી મુક્તિ મેળવવા માટે. પુરુષોએ ઘરમાં જો કોઈને વાળ કાપતા આવડતું હોય તો તેમનો લાભ લીધો, ખાસ કરીને પત્નીઓએ તેમાં મદદ કરી. અને મોટાભાગના પુરુષોએ પોતાના હાથે જ વાળ કાપ્યાં. મહાત્મા ગાંધીએ પણ એક સમયે આજ રીતે પોતાના વાળ કાપવાનું કાપ કર્યું હતું. અલબત્ત ગાંધીજીને હાથે હજામત કરવી પડી હતી એનું કારણ આપણા કરતાં જરા જુદું છે. 'સત્યના પ્રયોગો' અથવા આત્મકથામાં આ બાબતને તેમણે રજૂ કરી છે.

એક વેળા ગાંધીજી એક અંગ્રેજ હજામની દુકાને પહોંચ્યા. ગોરા હજામે તેમણે પૂછ્યું, 'કેમ શું કામ છે ?'

'મારે વાળ કપાવવા છે.' ગાંધીજીએ કહ્યું.

'માફ કરજો, હું તમારી હજામત નહીં કરી શકું. જો હું કાળા હિંદીના વાળ કાપું તો મારે મારા ઘરાકો ગુમાવવાના થાય.' આમ કહી તેણે હજામત કરવાની ઘસીને ના પાડી, ને ના પાડવામાં તિરસ્કાર બતાવ્યો એ વધારનો.

આ અપમાન ગાંધીજીના દિલમાં ઊંડું ઊતરી ગયું. તેમણે થયું કે દુઃખથી સમસમ્યા કરવાથી અને છાપાંમાં લેખી અપીલો કરવાથી કાંઈ વળવાનું નથી. મારે જાતે સ્વાશ્રયી થઈ જવું જોઈએ, પોતાનાં કામ જાતે જ કરી લેવા જાઈએ. આમ વિચારી તેઓ બજારમાં પહોંચ્યા. વાળ કાપવાનો સંચો ખરીદી લીધો અને ઘરે આવી અરીસા સામે ઊભા રહી પોતાના વાળ પોતાની મેળે જ કાપ્યા. દાઢી તો જાતે કરી લેવાય, પણ પોતાના વાળ જાતે જ કાપી લેવા એ મુશ્કેલ કામ હતું. વધુમાં, એ બારિસ્ટરનું કામ તો નહોતું જ ! તેમણે વાળ જેમતેમ કાપ્યા તો ખરાં; પણ પાછળના વાળ કાપડાં બહુ મુશ્કેલી પડી. સીધા તો જ ન કપાયા. હંમેશની જેમ, બીજે દિવસે જાણે કંઈ બન્યું જ ન હોય તેમ તેઓ કોર્ટમાં ગયા. તેમના જોકર જેવા વાળ જોઈ કોર્ટમાં મિત્રો પેટ પકડીને હસ્યા.

'તારી માથે ઉંદર ફરી ગયા છે?' એક મશ્કરીમાં પૂછ્યું. ગાંધીજીએ તેને ગંભીરતાથી કહ્યું, 'ના, મારા કાળા માથાનો સ્પર્શ ધોળા હજામ કેમ કરે ?એટલે જેવાતેવા પણ હાથે કાપેલા વાળ મને વધારે પ્રિય છે.'

ગાંધીજીનો વાળ કાપવાનો આ પહેલો પ્રયાસ હતો. તે વખતે તેમની ઉંમર ઉઠ્ઠાવીસ વરસની હતી. ત્યાર પછી તો વાળ કાપવા માટે તેમણે અનેક વાર કાતર અને સંચાનો ઉપયોગ કર્યો. તેમના આશ્રમોમાં પૈસા ખરચીને હજામ પાસે હજામત કરાવવાની બંધી હતી. આશ્રમવાસીઓ અંદરોઅંદર એકબીજાના વાળ કાપી લેતા. આશ્રમના વિદ્યાર્થીઓ સ્પાર્ટાના લોકો જેવું સાદું, કઠણ અને સંયમી જીવન જીવે એવું ગાંધીજી ઈચ્છતા હતા. ફૅશન, ભપકાદાર કપડાં અને સ્વાદિષ્ટ વાનગીઓને આશ્રમમાં કયાંકે સ્થાન નહોતું. એક દિવસની વાત છે. રવિવારે સવારે છોકરાઓ નાહવા જતા હતા. ગાંધીજીએ તેમને એક પછી એક બોલાવીને તેમના વાળ ઝીણા કરી નાખ્યા. આથી તેઓ અલગ બોડકા થઈ ગયા અને નારાજ થઈ ગયા. એક વખત આશ્રમની બે છોકરીઓના લાંબા વાળ પણ ગાંધીજીએ કાપી નાખ્યા હતા.

દક્ષિણ આફ્રિકાની જેલોમાં કેદીઓને કાંસકા આપવામાં આવતા નહોતા. જેને બે માસની કે તેનાથી વધારે મુદતની સજા થઈ હોય તેવા કેદીઓ વાળ ઝીણા કરાવી નાખવા પડતા તથા મૂછો કઢાવી નાખવી પડતી. આ નિયમમાંથી ગાંધીજીએ તથા તેમના સાથીદારોને મુક્તિ આપવામાં આવી હતી. પણ ગાંધીજી જેલજીવનના બધા અનુભવોમાંથી પસાર થવા માગતા હતા. મારે મારા વાળ ઝીણા કરાવી નાખ્યા છે એવું તેમને લખીને આપ્યું ત્યારે મુખ્ય દારોગાએ તેમને વાળ કાપવાનો સંચો અને કતાર આણી આપ્યાં. ગાંધીજી અને તેમના એકબે સાથી-કેદીઓ દરરોજ બે કલાક હજામ તરીકેની સેવા આપતા.